SIMULATIONS
Public Affairs Management Services

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shyamal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph : 079- 65214200 Fax : 079-40065014
Email : simulationsindia@gmail.com

**Akila**
**Edition:** Rajkot | **Date:** June 09, 2011 | **Page No.:** 13 | **Category:** Sterling Hospital

First living donor liver transplantation successfully performed at Ahmedabad's Sterling Hospital

# અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પિટલમાં જીવીત દાતાના લીવરની મદદથી સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ

(કેતન ખત્રી દ્વારા) અમદાવાદ, તા.૯ : સતત ૧૪ કલાકની ભારે જહેમત પછી, ગુજરાતની કોર્પોરેટ હોસ્પિટલ્સમાં અગ્રેસર એવી સ્ટર્લીંગ હોસ્પિટલ, અમદાવાદની ડોકટર્સ ટીમ દ્વારા તાજેતરમાં એક જીવીત વ્યકિતના લીવરની મદદથી, લીવર સીરોસીસથી પીડાતા વ્યકિતમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. આણંદના ૫૨ વર્ષની ઉંમરના જનરલ પ્રેકટીશનર ડો. કનુભાઇ ગોહીલ અને તેમના સંબંધી શ્રી પરમાર ઉપર, આ ઓપરેશન ડો. એ.એસ..સોઈન, ડો. હિતેષ ચાવડા, ડો. રવિ મોહન્કા અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. ગુરગાંવના મેડીસીટી- ઈન્સ્ટીટયુટ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન એન્ડ રિજનરેટીવ મેડીસીનના ચીફ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટ એનડ હીપેટોબીલીઅરી સર્જન ડો. એ.એસ. સોઇન અને તેમની ટીમ ભારતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટેશનનો સૌથી વધુ અનુભવ ધરાવે છે.

આ કેસ અંગેની વિગત આપતાં સ્ટર્લીંગ હોસ્પિટલ, અમદાવાદના કન્સલ્ટન્ટ- હીપેટોબીલીઅરી સર્જન તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામના ડિવિઝન ચીફ ડો. હિતેષ ચાવડા એ જણાવ્યું હતું કે, 'ગયા મહિને ડો. કનુભાઈએ પેટની તકલીફ, અશકિત અને કમળાની ફરીયાદ સાથે હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો. તબીબી તપાસમાં જણાયું હતું કે તેમને ૨૦ વર્ષ અગાઉ કોઈ રકતદાતા તરફથી તેમને હીપેટાઈટીસસીનો ચેપ લાગ્યો હતો અને તેને કારણે લીવર સિરોસીસ થયું હતું. તેઓ ટર્મીનલ લીવર ફેઈલ્યોરના છેલ્લા તબકકાનો ભોગ બન્યા હતાં અન લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કર્યા વગર થોડાક સપ્તાહથી વધુ જીવી શકે તેમ ન હતા. આથી અમે તેમને મૃત વ્યકિતનું લીવર ટ્રાન્સપ્લાન્ટ નહીં કરવા માટે સલાહ આપી હતી, કારણ કે આવા કિસ્સાઓમાં દર્દીના બ્લડ ગ્રુપ અને પ્રતિક્ષા યાદીના નંબરને આધારે લીવર મેળવવા માટે ૧ થી ૧૨ મહિના રાહ જોવી પડે છે. આથી અમારી સમક્ષ તેમની ઉપર એલડીએલટી (લીવીંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન) કરવાનો એક માત્ર વિકલ્પ હતો. તેમના સાળા શ્રી પૂનમ પરમાર, ડો. ગોહીલની મદદે આવ્યા. તેમનું બ્લડ ગ્રુપ મેચ થતું હોવાથી તેમણે તેમના લીવરનો એક હિસ્સો દાનમાં આપવાની ઈચ્છા દર્શાવી.' (૮.૧૩)